




# અમ્માના અંતિમસંસ્કારની આસપાસ

- પ્રણવ મુખર્જી, નરેન્દ્ર મોદી, રાહુલ પહોંચ્યા
- પાર્થિવ શરીરને અગ્નિદાહ આપવાના બદલે દફનવિધિ
- સંપૂર્ણ રાજકીય સન્માન સાથે જયલલિતાના અંતિમસંસ્કાર કરાયા
- અગ્નિદાહના બદલે દફનવિધિ કરવામાં આવી
- જયલલિતાને એમજીઆરની સમાધિ નજીક દફનાવવામાં આવ્યા
- ચેન્નાઈમાં મરીના બીચ ખાતે જયલલિતાના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા ત્યારે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, કોંગ્રેસના નાયબ નેતા રાહુલ ગાંધી, અન્ય તમામ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ જયલલિતાને શ્રદ્ધાંજલિ આપવા પહોંચ્યા
- તમામ ટોચના નેતાઓ અંતિમ સંસ્કાર વેળા પણ જોડાયા
- જયલલિતાના સોમવારના દિવસે મોડી રાત્રે અવસાન થયા બાદ તેમના પાર્થિવ શરીરને ચેન્નાઈમાં રાજાજી હોલ ખાતે અંતિમ દર્શન માટે મુકવામાં આવ્યા બાદ સવારથી જ સમર્થકો ઉમટી પડ્યા
- જયલલિતા તમિળનાડુના રાજકારણમાં સૌથી મોટા નેતા તરીકે ઉભર્યા હતા
- ૬૮ વર્ષીય જયલલિતાને ૨૨મી સપ્ટેમ્બરના દિવસે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા
- જયલલિતાને તાવ અને શરીરમાં પાણીની અછતની ફરિયાદ બાદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા
- જયલલિતાને એ વખતે શ્વાસની સમસ્યા તથા ઈન્ફેક્શનની અસર પણ થઈ હતી
- ગઈકાલે સાંજે એકાએક એટેક થયા બાદ તેમની તબિયત સતત લથડી ગઈ હતી ત્યારબાદથી તેમની હાલત ગંભીર હતી. જયાનુ રાત્રે ૧૧-૩૦ વાગ્ અવસાન થયુ અને ૧૨ વાગે અપોલો દ્વારા આ અહેવાલને સમર્થન અપાયુ
- તબિયત ખરાબ થયા બાદ તમિળનાડુના રાજ્યપાલ ચૌધરી વિદ્યાસાગર રાવ ગઈકાલે રાત્રે જ વિમાન દ્વારા મુંબઈથી ચેન્નાઈ પહોંચ્યા હતા
- રાજ્યપાલે હોસ્પિટલ પહોંચીને જયલલિતાના આરોગ્ય અંગે માહિતી મેળવી હતી
- કેન્દ્રીય મંત્રી રાધાકૃષ્ણન પણ આજે સવારે પહોંચી ગયા હતા
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના તમામ નેતાઓ, કોંગ્રેસી નેતાઓ જયલલિતાના આરોગ્યને લઈને હાલમાં ચિંતિત હતા. તેમના માટે પ્રાર્થના પણ કરી રહ્યા હતા
- જયલલિતાની તબિયતને સુધારવાના પ્રયાસ ગઈકાલ રાતથી અપોલો અને એમ્સના નિષ્ણાત તબીબો કરી રહ્યા હતા પરંતુ સફળતા ન મળી
- ૬૮ વર્ષીય જયલલિતા એક્સ્ટ્રાકોર્પોરિયલ મેમ્બ્રેન ઓક્સીજીનેશન (ઈસીએમઓ) ઉપર રાખવામાં આવ્યા બાદથી તમામ લોકો હતાશ હતા
- તમિળનાડુમાં લોકોના ધસારાને પહોંચી વળવા માટે સાવચેતીના તમામ પગલા લેવાયા
- તમિળનાડુમાં પહેલાથી જ એલર્ટની જાહેરાત પણ કરાઈ હતી
- બસ સેવાને બંધ કરી દેવામાં આવી હતી
- તમિળનાડુમાં સાત દિવસના શોકની જાહેરાત કરવામાં આવી
- દક્ષિણ ભારતના સુપરસ્ટાર અભિનેતા રજનીકાંત પણ શ્રદ્ધાંજલિ આપવા માટે પહોંચ્યા
- ચેન્નાઈ ટેસ્ટના સંદર્ભમાં બીસીસીઆઈ દ્વારા હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી
- જયલલિતાના સન્માનમાં લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી
- ઓરિસ્સા વિધાનસભાની કાર્યવાહી એક દિવસ માટે સ્થગિત કરવામાં આવી
- મરીન બીચ ઉપર સુરક્ષાને ધ્યાનમાં લઈને હેલિકોપ્ટર તૈનાત કરવામાં આવ્યા

# અમ્મા રાજકારણમાં સૌથી શક્તિશાળી પૈકી એક હતા

## પ્રદેશથી લઇને રાષ્ટ્રીય સ્તર સુધી ભૂમિકા હતી : જયલલિતા પોતાની પસંદગીથી રાજનીતિમાં પ્રવેશી ગયા હતા : છ વાર મુખ્યમંત્રી બન્યા હતા

ચેન્નાઈ, તા. ૬

તમિળનાડુના મુખ્યમંત્રી અને અમ્મા તરીકે લોકપ્રિય જયલલિતાનું લાંબી માંદગી બાદ અવસાન થયું હતું. જયલલિતા છેલ્લા ઘણા સમયથી બિમાર હતા અને તેમની હાલત કફોડી બનેલી હતી. જયલલિતાની તબિયતને લઈને ગઈકાલથી જ ભારે સસ્પેન્સની સ્થિતિ રહી હતી. તમિળનાડુના રાજકારણમાં જયલલિતાને ખુબ શક્તિશાળી નેતા તરીકે ગણવામાં આવતા હતા. તમિળનાડુ રાજકારણમાં તથા દેશના રાષ્ટ્રીય સ્તરે પણ જયલલિતાની એક અલગ છાપ રહી હતી. વર્ષ ૨૦૧૫થી જયલલિતા મુખ્યમંત્રી તરીકે હતા પરંતુ તેમની તબિયત છેલ્લા ઘણા સમયથી ખરાબ ચાલી રહી હતી. જયલલિતા તમિળનાડુમાં અનેક વખત મુખ્યમંત્રી તરીકે સેવા આપીને લોકોમાં લોકપ્રિય રહ્યા હતા જેમાં ૧૯૯૧થી લઈને ૧૯૯૬ પછી ૨૦૦૧થી લઈને ૨૦૦૨ અને ૨૦૦૨થી લઈને ૨૦૦૬ તથા ૨૦૧૧થી લઈને ૨૦૧૪ સુધી મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. રાજકારણમાં પ્રવેશ કરતા પહેલા પણ જયલલિતા ખુબ જ લોકપ્રિય થયા હતા. રાજકારણમાં એન્ટ્રી કરતા પહેલા અભિનેત્રી તરીકે પણ જયલલિતા અગ્રણી હતા. જયલલિતાએ સૌથી પહેલા ઓલ ઈન્ડિયા અન્નાદ્રમુકના જનરલ સેક્રેટરી તરીકેની સેવા આપી હતી. અમ્મા તરીકે તેઓ ચાહકોમાં જાણિતા બનવા લાગ્યા હતા. જયલલિતાએ ૨૩મી મે ૨૦૧૫ના દિવસે મુખ્યમંત્રી તરીકેનો હોદ્દો સંભાળ્યો હતો. તમિળનાડુના ૧૧માં, ૧૪માં, ૧૬માં, ૧૮માં અને ૧૯માં મુખ્યમંત્રી તરીકે જયલલિતા રહ્યા હતા. જયલલિતાને રાજકારણમાં લાવવામાં અભિનેતામાંથી રાજકારણી બનેલા એમજી રામચંદ્રન (એમજીઆર)ની મુખ્ય ભૂમિકા રહી હતી. જો કે, તેઓએ શરૂઆતમાં રાજકારણને લઈને વાંધો ઉઠાવ્યો હતો પરંતુ મોડેથી પોતાની ઈચ્છાથી રાજનીતિમાં પ્રવેશ્યા હતા.

૧૯૮૪થી ૧૯૮૯ સુધી તમિળનાડુમાંથી રાજ્યસભા માટે ચૂંટાઈ આવ્યા હતા. એમજીઆરના અવસાન બાદ જયલલિતા શક્તિશાળી લીડર તરીકે ઉભર્યા હતા. જાનકી રામચંદ્રન બાદ તમિળનાડુના બીજા મુખ્યમંત્રી તરીકે બનવામાં જયા સફળ રહ્યા હતા. અપ્રમાણ સંપત્તિ કેસમાં જયલલિતાને અપરાધી ઠેરાવવામાં આવ્યા હતા જેના લીધે મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવાની ફરજ પડી હતી. જો કે, ૧૧મી મે ૨૦૧૫ના દિવસે કર્ણાટક હાઈકોર્ટે અપ્રમાણ સંપત્તિ કેસમાં જયાને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા હતા જેથી ૨૩મી મેના દિવસે ફરી મુખ્યમંત્રી બન્યા હતા.



તમિળનાડુના મુખ્યમંત્રી જયલલિતાના અવસાન બાદ અમદાવાદના જુદા જુદા વિસ્તારમાં પણ તમિળ સમુદાયના લોકો દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# મહેશ શાહ પ્રકરણે સીબીઆઈ તપાસ માટે કોંગ્રેસની માંગ

અમદાવાદ, તા.૬

વિવાદાસ્પદ મહેશ શાહને લઈને કોંગ્રેસે આજે ભાજપ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. ભાજપ સરકારની મોદી-માલિયા-મહેશ શાહના નામ ત્રિવેણી સંગમ પર પત્રકાર પરિષદમાં આકરા પ્રહાર કરતા ભરતસિંહ સોલંકીએ કહ્યુ હતું કે, મહેશ શાહ છેલ્લા ૨૫ દિવસમાં કોનેકોને મળ્યા, કોની સાથે વાત કરી આ તમામ બાબતો કોલ ડિટેઈલ રિપોર્ટ જાહેર કરવામાં આવે તો ભાજપના વરિષ્ઠ નેતાઓની પોલ ખુલી શકે છે. મોદી સરકાર ભાગેડુ વિજય માલ્યા અને મહેશ શાહને છાવરી રહી છે. આ સમગ્ર મામલામાં સીબીઆઈ તપાસની માંગ કરવામાંઆવી છે. બીજી બાજુ વિધાનસભામાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતુંકે, ભાજપની કેબિનેટમાંકોઈ અર્થશાસ્ત્રી નથી. સરકારની ગોલ્ડ સ્કીમ સહિતની યોજનાઓ નિષ્ફળ ગઈ છે. નોટબંધીના મુદ્દે પણ વાઘેલાએ સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. નોટબંધીના ૨૮મા દિવસે પણ પ્રજા ત્રસ્ત અને વડાપ્રધાન ભાષણમાં મસ્ત છે. ૧૪.૫ લાખ કરોડમાંથી ૧૨.૬ લાખ કરોડની ૫૦૦-૧૦૦૦ની નોટની રકમ બેન્કમાં જમા થઈ ગઈ છે, તો કાળુ નાણુ છે ક્યાં મધ્યમ વર્ગ અને ગરીબોને હેરાન કરનાર ભાજપે અને વડાપ્રધાને દેશને જવાબ આપવો પડશે. નોટબંધી બાદ ઉભી થયેલ અવ્યવસ્થા અરાજકતા અને ૧૩૮૬૦ કરોડના કાળા ધોળા નાણાની કરામત કરનાર મહેશ શાહના નામના મહોરા પાછળ છુપાયેલા ચહેરા કોણ ત્યારે ભાજપ સરકારની મોદી માલીયા મહેશ શાહ નામના ત્રિવેણી સંગમ પર પત્રકાર પરિષદમાં આકરા પ્રહાર કરતાં ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, મહેશ શાહના નામનો શખ્સ ૧૩૮૬૦ કરોડનું કાળુનાણુ જાહેર કરે છે, આ કાળુ નાણુ ભાજપના સત્તાધીશો નું હશે. જે નામો જાહેર કરવા માટે સંગીત ખુરશી રમત રમાડી રહેલા મહેશ શાહના છેલ્લા ચાર દિવસથી જે રીતે સરકારી વિશેષ સગવડો ભોગવી રહ્યા છે. ઈન્કમ ટેક્ષ વિભાગ પણ ખડે પગે હાજર છે. પોલીસ તંત્ર તેમને વિશેષ સલામતી ઉડીને આંખે વળગે તે રીતે અપાઈ રહી છે. ત્યારે આ બધી વ્યવસ્થા માટે દિલ્હી કે ગાંધીનગરથી કોણ સુચના આપી રહ્યું છે. મહેશ શાહ છેલ્લા ૨૫ દિવસમાં કોને કોને મળ્યાં, કોની સાથે વાત કરી, આ તમામ બાબતો કોલ ડીટેલ રીપોર્ટ જાહેર કરવામાં આવે તો વરિષ્ઠ નેતાઓની પોલ ખુલી જશે. વડાપ્રધાન કહ્યું હતું કે, બે નંબરની ૫૦૦-૧૦૦૦ની નોટ નકામા કાગળીયા થઈ જશે.

# ભાજપના પ્રધાનો બેંક ખાતાની વિગતો ટૂંકમાં જાહેર કરશે

અમદાવાદ, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૂચના આપ્યા બાદ હવે ગુજરાત સરકારના તમામ પ્રધાનો અને ભાજપના ધારાસભ્યો તેમના બેન્ક એકાઉન્ટની વિગતો જાહેર કરશે. ૮મી નવેમ્બરના રોજ જાહેર થયેલી નોટબંધી બાદ ભાજપના ધારાસભ્યો અને મંત્રીઓનાં કાળા નાણાનું સેટિંગ કરી લેવાયું હોવાના આક્ષેપોના પગલે ભાજપ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ જાહેર કર્યું હતું કે, ગુજરાત ભાજપના ધારાસભ્યો અને મંત્રીઓએ તેમના ૮મી નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધીની બેન્ક ખાતાની વિગતો પ્રદેશ અધ્યક્ષ સમક્ષ ૫, જાન્યુઆરી સુધીમાં જાહેર કરી દેવી પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેન્દ્ર સરકારના મંત્રીઓ અને સાંસદોને બેન્ક એકાઉન્ટની વિગતો આપવા જણાવાયું છે.

વડા પ્રધાનના આ નિર્ણયનો અમલ હવે ગુજરાત સરકાર પણ કરશે. ગુજરાત સરકારના મંત્રીમંડળના મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન સહિત ૩૦ પ્રધાનો અને ૧૨ સંસદીય સચિવો સહિત બાકીના ૮૧ ધારાસભ્યો તેમના બેન્ક એકાઉન્ટની વિગતો જાહેર કરશે.

ભાજપના પ્રવક્તા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ આજે કોંગ્રેસના આક્ષેપો બાદ વળતા પ્રહારો કર્યા હતાઅને કહ્યું હુતં કે ૬૫ વર્ષ સુધી શાસન કરનાર કોંગ્રેસ કાળા નાણા અને ભ્રષ્ટાચારની જનક તરીકે રહી છે. ભ્રષ્ટાચારના કારણે કોંગ્રેસ પાર્ટી શાસક પક્ષ તરીકે અને હવે જુઠ્ઠાણા આક્ષેપો અને નકારાત્મક કાર્યક્રમો બાદ વિપક્ષ તરીકે પણ નિષ્ફળ રહી છે. કોંગ્રેસના આક્ષેપ સામે પ્રત્યાઘાત આપતા જણાવ્યું હતુ કે, કોંગ્રેસે પોતાના છેલ્લા ૧૦ વર્ષના કુશાસન દરમ્યાન જ ૧૦ લાખ કરોડથી વધુનો ભ્રષ્ટાચાર કરીને શાસક પક્ષ તરીકે કોંગ્રેસ સંદતર નિષ્ફળ રહી છે.

# હવે કાર્ય વિસ્તારક યોજનાથી વિકાસ યાત્રા પ્રજા સુધી જશે

અમદાવાદ, તા.૬

ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતુ કે, આજે પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીના અધ્યક્ષતામાં અને રાષ્ટ્રીય સહ સગંઠન મહામંત્રી વી.સતીષજીની વિશેષ ઉપસ્થિતિમાં એક પ્રદેશ કાર્યશાળા પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે મળી હતી. પંડીત દીનદયાળ ઉપાધ્યાય જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે પંડીત દિનદયાળની જીવનયાત્રા અને વિચાર દર્શનને નીચે સુધી પહોંચાડવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કાર્યકરોને ૧ વર્ષના સમયદાનની અપીલ કરી હતી. તેના ભાગરૂપે કાર્ય વિસ્તાર યોજના અંતર્ગત આ કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી સતીષજીએ કાર્ય વિસ્તાર યોજના અંગે જાણકારી આપતાં જણાવ્યું હતું કે, આ યોજના દ્વારા કાર્યકર્તાનું ઘડતર અને નિર્માણ થશે અને તેનામાં સમાજ માટે કંઈક કરવાની ભાવના જાગૃત થશે. ૧ વર્ષ સમયદાન આપનાર કાર્યકર્તા સંગઠન, સરકાર અને સમાજ એમ ત્રિવેણી સંગમને ધ્યાનમાં રાખીને કામ કરશે.

સંગઠનની બુથ સમિતિને મજબુત બનાવવી. જુના જનસંઘના કાર્યકર્તાઓને સંપર્ક તેમજ સંગઠનને સર્વવ્યાપી સર્વ સ્પર્શી બનાવવું. પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ આ કાર્ય વિસ્તારક યોજનાથી સમાજમાં વિચાર યાત્રા અને વિકાસ યાત્રા લોકો સુધી પહોંચશે. આ યોજનામાં કેન્દ્ર અને રાજય સરકારોની યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવી, પ્રજા અને સરકાર વચ્ચે સેવા સેતુના માધ્યમથી પ્રજાકીય કામગીરી સાથે સમાજમાં સફાઈ અભિયાન, બેટી બચાવો, પર્યાવરણ બચાવો વગેરે રચનાત્મક જનજાગૃતિ અભિયાન કરવા વગેરે જેવી અનેક બાબતો અંગે માહિતગાર કર્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કાર્ય વિસ્તાર યોજના થકી પસંદ કરવામાં આવેલ કાર્યકર્તાઓની એક મજબુત કમર્ઠ સંનિષ્ઠ ફૌજ મળશે જે સમાજમાં પક્ષ અને આપણી વિચારધારને વિસ્તારમાં મદદ થશે.

## અંતિમ વિદાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચેન્નાઈમાં રાજાજી હોલમાં રાખવામાં આવ્યો હતો. જ્યાં શ્રદ્ધાળુઓ અંતિમ દર્શન માટે ઉમટી પડ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ જયાને શ્રદ્ધાંજલિ આપવા માટે ચેન્નાઈ પહોંચ્યા હતા. કેરળ સરકાર દ્વારા પણ આજે શોકની જાહેરાત કરવામાં આવી હતી. ચેન્નાઈના મરીના બીચ પર એમજીઆર સમાધિ નજીક તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જયલલિતાને તમિળનાડુના લોકોએ અમ્મા નામ આપ્યુ હતુ. તમિળનાડુના મુખ્યપ્રધાન જયલલિતા ઉપર રવિવારના દિવસે કાર્ડિએક અરેસ્ટ હોવાની રવિવારના દિવસે અપોલો હોસ્પિટલ દ્વારા માહિતી આપવામાં આવી હતી. અપોલો હોસ્પિટલ દ્વારા જ રાત્રે ૧૨ વાગે પ્રેસ રિલીઝ જારી કરીને જયાના અવસાનની જાહેરાત કરવામાં આવી હતી. જયલલિતા માટે ખાસ પુજા અર્ચના કરવામાં આવી રહી હતી. પરંતુ આ પુજા નિરર્થક સાબિત થઈ હતી. પાર્ટીના મહિલા કાર્યકરો ભાવનાશીલ બની ગયા હતા. મહિલાઓ રડતી પણ નજરે પડી રહી હતી. જયાને ૨૨મી સપ્ટેમ્બરના દિવસે હોસ્પિલમાં ભરતી કરવામાં આવ્યા હતા. તેમની તબિયતને લઈને ગઈકાલે સાંજથી વિરોધાભાસી અહેવાલ આવી રહ્યા હતા.

## ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિનામાં ૬-૮ ટકા સુધીનો વધારો થઈ શકે છે. ઉત્પાદનમાં કાપ મુકવામાં આવ્યા બાદ આની સીધી અસર જોવા મળશે. ક્રૂડની કિંમતમાં આના લીધે ઉથલપાથલ જોવા મળશે. સામાન્ય લોકો હાલમાં મોંઘવારીનો સામનો કરી રહ્યા છે ત્યારે પેટ્રોલ અને ડિઝલની કિંમત આગામી ત્રિમાસિક ગાળામાં ૫-૮ ટકા સુધી વધી શકે છે. જાણકાર લોકોનું કહેવું છે કે, રિટેલ કિંમતોમાં સુધારો થયા બાદ લોકો આની સામે નારાજગી વ્યક્ત કરી શકે છે. ગયા બુધવારે ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સ્પોર્ટિંગ કન્ટ્રી (ઓપેક) દ્વારા દિવસમાં ૧.૨ મિલિયન બેરલ સુધી ઉત્પાદનમાં કાપ મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ક્રૂડના ઉત્પાદનમાં ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદથી ભારત ઉપર માઠી અસર થશે. આનો મતલબ એ થયો કે મુંબઈમાં પેટ્રોલની કિંમતમાં હાલમાં ૭૨ રૂપિયાથી વધીને ૭૫ રૂપિયા સુધી પહોંચી શકે છે જ્યારે ડિઝલની કિંમતમાં વર્તમાન ૬૦ રૂપિયાથી વધીને ૬૪ રૂપિયા થઈ શકે છે. બ્રેન્ટ ક્રૂડની કિંમત માર્ચ ૨૦૧૭ સુધી બેરલદીઠ ૫૦-૫૫ ડોલર સુધી પહોંચી શકે છે. જો આ વધારો ૬૦ સુધી જશે તો પેટ્રોલની કિંમતમાં ૮૦ રૂપિયા અને ડિઝલની કિંમત ૬૮ રૂપિયા સુધી પહોંચી શકે છે.

## શોકનું મોજુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ તેમની તબિયતને લઈને ચર્ચા હતી. જયલલિતાના અવસાનના સમાચાર બાદ શોકની જાહેરાત કરવામાં આવી હતી. સાથે સાથે અન્નાદ્રમુક પાર્ટીની ઓફિસ પર ધ્વજ અડધી કાઢીએ કરવામાં આવતા લોકોને આઘાતના સંકેત મળી ગયા હતા. જયલલિતા ૬૮ વર્ષના હતા. તેમને છેલ્લે એક્સ્ટ્રાકોર્પોરિયલ મૈમ્બ્રેન ઓક્સીજીનેશન પર રાખવામાં આવ્યા હતા. જયલલિતાને જોવા માટે સવારથી જ મોટી સંખ્યામાં સમર્થકો હોસ્પિટલ ખાતે પહોંચી ગયા હતા. ઘણા લોકો તો હોસ્પિટલની બહાર રડી પડ્યા હતા. સમર્થકો સવારથી જ તેમના માટે પ્રાર્થનાઓ કરી રહ્યા હતા. ગઈકાલ રાતથી જ પરિવહન સેવા ઘટાડી દેવામાં આવી હતી. જયલલિતાના અવસાનના કારણે તમિળનાડુમાં સાત દિવસ માટે શોકની જાહેરાત કરવામાં આવી છે. મુખ્ય સચિવ પી. રામ મોહન રાવ દ્વારા એક સુચના જારી કરીને આ અંગેની માહિતી આપી હતી. આ સાત દિવસના રાજકીય શોક દરમિયાન સરકારી ભવન પર રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ રહેશે. આ ગાળા દરમિયાન સત્તાવાર મનોરંજન કાર્યક્રમ થશે નહી. જ્યારે સ્કુલો અને કોલેજને ત્રણ દિવસ માટે બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. તેમનુ ગઈકાલે રાત્રે નિધન થયુ હતુ.

## ચૂંટણી માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉમેદવારીપત્રો સરપંચની ચૂંટણી માટે ભરાયા છે. દહેગામ અને માણસામાં વોર્ડ માટે ઉમેદવારીપત્રો વધુ ભરાયેલા જણાયા છે. હજુ ૪૦ જેટલા જ ગામોમાં ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થઈ હોવાનું જણાયું છે.

૧૦મી ડિસેમ્બર ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે. આ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે ચૂંટણીપંચે મુક્ત ચૂંટણી ચિહ્નો પણ જારી કરી દીધા છે. જેની સંખ્યા નેવુ જેટલી છે.

દરમ્યાન તંત્ર દ્વારા આ ચૂંટણી માટે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. ૧૫મી પછી આ ચૂંટણી માટેના કર્મચારીઓની તાલિમ પ્રક્રિયાનો પ્રારંભ થશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## છુટ્ટાની રકઝક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગેસ ફિલીંગ માટે લાંબી કતારમાં જોડાવાનો વારો આવે છે. આમ નાગરિકાની પ્રબળ માંગના અંતે પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવતી નથી. આ ઉપરાંત હાલ કેશલેશ વ્યવ્હાર તરફ આગળ વધવા માટે સરકાર દ્વારા આમ નાગરિકોને સહીત સરકારી તંત્રને પ્રોત્સાહીત કરવાની નીતિ અપનાવાઈ છે. ત્યારે આવા સંજોગોમાં સે-૫ ના સી એન જી પંપ પર રોજબરોજ છુટા પૈસાની પર્ણોજણ વચ્ચે ગ્રાહકોએ તકરાર કરવાનો વારો આવ્યો છે. એકબાજુ બજારમાં હજુ પણ છુટા પૈસાની છુટછાટ નથી. નોટબંધીને એક મહીનો થવા આવ્યો છતા બજારમાં નવી નોટો પર્યાપ્ત માત્રામાં ફરતી થઈ નથી. જેના લીધે હવે નાગરિકો પ્લાસ્ટીક મનીના ઉપયોગ તરફ વળ્યા છે. ત્યારે પેટ્રોલ પંપ સહીતની જગ્યાએ પણ આ પ્રકારની સુવિધાઓ ન હોવાથી નાગરિકોની હેરાનગતિ યથાવત છે. સી એન જી પંપ પર સ્વાઈપ મશીન ન હોવાના લીધે છુટા પૈસાની લેવડ દેવડ આમ નાગરિકો માટે માથાના દુખાવારૂપ બની છે.

## કેશલેસ વિલેજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એટીએમ કાર્ડ કે ક્રેડિટ-ડેબિટ કાર્ડ વણવપરાયેલા હશે તે પુનઃ કાર્યન્વીત બેંક દ્વારા કરી દેવામાં આવશે.

લીડ બેંક સંપૂર્ણ ગામને વાઈ-ફાઈ કનેક્ટીવીટીથી સાંકળી લેશે જેથી મોબાઈલ નેટવર્કના પ્રશ્નો ઉભા થાય નહિ.

આ ગામ ઈટાદરાથી ૨॥ કિ.મી.ના અંતરે આવેલ છે અને ઈટાદરાના દેનાબેંકના એટીએમ તેમજ શાળાઓ સાથે જોડી દેવાશે. બેંક મિત્ર પણ આ ગામમાં નિયમિત સેવાઓ આપશે.

જિલ્લામાં ગુલાબપુરા ગામને કેશલેસ વિલેજ એકાદ સપ્તાહમાં જ બનાવી દેવાય તે દિશામાં બધી જ કાર્યવાહી હાલ ચાલી રહી છે તેમ વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું છે.


## જાહેર નિવિદા

**''અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં મત્સ્યોદ્યોગ પ્રવૃત્તિમાં સંકળાયેલ તમામ ઈસમો / સંસ્થાને મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી અમદાવાદ પાસેથી માછલીના ટ્રાન્સપોટેશન માટે જરૂરી 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવી લેવા અંગેની નોટીસ''**

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં મત્સ્યોદ્યોગના વ્યવસાય સાથે સંકળાયેલા (માછલી ઉત્પાદન કરતા, માછલી વેચાણ કરતા, માછલીનું પરિવહન કરતા અને રંગીન માછલી (એક્વેરીયમ ફિશ)ના વ્યવસાયમાં સંકળાયેલા તમામ ઈસમો / સંસ્થા / એજન્સીઓ માછલીની હેરફેર એક સ્થળ / બજારથી બીજા સ્થળ / બજારમાં પોતાની રીતે વાહન દ્વારા, રેલવે દ્વારા કે વિમાન મારફત કરતા હોય છે. મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, અમદાવાદના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં આવેલ આ તમામને 'મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ-૦૮ ફોન નંબર- ૦૭૯-૨૫૪૩૦૯૭૫'ની કચેરીમાં રૂબરૂ સંપર્ક કરી નિયત ફોર્મ અને જરૂર સાધનિક દસ્તાવેજો રજૂ કરી, નિયત ફી કચેરીમાં જમા કરાવી માછલીઓના ટ્રાન્સપોટેશન માટેનું 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવી લેવા આથી જણાવવામાં આવે છે. ગુજરાત મત્સ્યોદ્યોગ કાયદો ૨૦૦૩ના પ્રકરણ-૨ (૬) (૮) (જ) મુજબ ગુજરાત રાજ્યમાં મત્સ્યોદ્યોગની કોઈ પણ પ્રવૃત્તિ માટે માછલીની હેરફેર કરવા માટે સંબંધિત જિલ્લા અધિકારીશ્રી પાસેથી 'ના વાંધા પ્રમાણપત્ર' મેળવવું ફરજીયાત છે. જેની નોંધ લેવા વિનંતી છે.

સહી/-
(પ્રદ્યુમનસિંહ કે. વાઘેલા)
મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક
અમદાવાદ

ક્રમાંક/સંમાનિ/અમદ/૧૪૩૬/૨૦૧૬